# મેટ્રો-થ્રી પ્રોજેક્ટની કામગીરી આગળ વધી: બે કોન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.પ

૩૩.૫ કિલોમીટર લાંબા કોલાબા-બાંદરા-સીપ્ઝ કોરિડોર મેટ્રો થ્રી પ્રકલ્પનું બાંધકામનું કાર્ય બે કંપનીને આપવામાં આવ્યું છે આ અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનો અને મેટ્રો લાઈનના બાંધકામ માટે કુલ મળીને ૭,૭૯૬ કરોડ રૂપિયા ખર્ચ આંકવામાં આવ્યો છે.

કંપની અન્ડરગ્રાઉન્ડ મેટ્રો કોરિડોરનું બાંધકામ કરશે, જેમાં ચાર અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન સીએસટી, કાલબાદેવી, ગિરગામ અને ગ્રાન્ટ રોડ સ્ટેશન તથા ૩૧૧૫મીટર લાંબી ટ્વિન બોર્ડ ટનલ બાંધવાની રહેશે.

એમએમઆરસીને પ્રકલ્પ માટે નવ કંપનીની અરજી આવી હતી. કોલાબા-બાંદરા-સીપ્ઝ મેટ્રો થ્રી કોરિડોરમાં કુલ મળીને ૨૭ સ્ટેશનોનો સમાવેશ થાય છે. જેમાં ૨૬ સ્ટેશનો અન્ડરગ્રાઉન્ડ રહેશે. અને એક સ્ટેશન ગોરેગામના આરે કોલોનીમાં ગ્રાઉન્ડ લેવલ પર બાંધવામાં આવશે. આ કોરિડોરનું કામ નાણાકીય વર્ષ ૨૦૨૦માં પૂર્ણ કરવાની ડેડલાઈન રાખવામાં આવી છે. અને આ માર્ગથી ૨૦૨૧માં રોજના ૧૩.૯ લાખ પ્રવાસી અને ૨૦૩૧ સુધીમાં ૧૭ લાખ પ્રવાસી સમાવી શકવાની ક્ષમતા ધરાવશે.

## કોલાબા-બાંદરા-સીપ્ઝ મેટ્રો રેલવે માર્ગ શહેરની કનેક્ટિવિટી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે